| | |
|---|---|
| દાખલ તારીખઃ | ૩–૧૦–૨૦૧૩. |
| રજી. તારીખઃ | ૩–૧૦–૨૦૧૩. |
| ફેસલ તારીખઃ | |
| અવધીઃ– વર્ષઃ | માસઃ દિવસઃ |

**આંકઃ–**

**જુનાગઢનાં નામદાર એડીશનલ સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.જુનાગઢ**

**રે.દિ.મુ.નં. ૧૮૭/૨૦૧૩**

૧) વલ્લભભાઈ નાથાભાઈ ભેસદળીયા.
ઉ.વ.આ.૮૦, ધંધોઃ ખેતી.
રહે.મુ. કોલકી. તા. ઉપલેટા.
જી. રાજકોટ.

૨) સવિતાબેન નાથાભાઈ ભેસદળીયા.
ઉ.વ.આ.૭૦, ધંધોઃ ઘરકામ.
રહે.મુ. કોલકી. તા. ઉપલેટા.
જી. રાજકોટ. :::::::: **વાદીઓ.**

**વિરૂદધ.**

૧) અતુલકુમાર પરષોતમભાઈ ભેસદળીયા.
ઉ.વ.આ.૪૮, ધંધોઃ વેપાર.

૨) નિલેશકુમાર પરષોતમભાઈ ભેસદળીયા.
ઉ.વ.આ.૪૫, ધંધોઃ વેપાર.

૩) ગોદાવરીબેન પરષોતમભાઈ ભેસદળીયા.
ઉ.વ.આ.૬૮, ધંધોઃ ઘરકામ.
રહે. નં. ૧ થી ૩
ઉપાસના ટાવર,બ્લોક નં. ૨૦૧,
ઝાંઝરડા રોડ,
અતીથી એપાર્ટમેન્ટની બાજુમાં
જુનાગઢ.

૪) મધુબેન ચીમનભાઈ ખાંટ.
ઉ.વ.આ.૫૫, ધંધોઃ ઘરકામ.

૫) ચીમનભાઈ કચરાભાઈ ખાંટ.
ઉ.વ.આ.૬૦, ધંધોઃ વેપાર.
રહે. ૪ અને ૫
જીતેન્દ્ર પાર્ક , બ્લોક નં. ૩૭
નવરંગ એપાર્ટમેન્ટની પાછળ.
ઝાંઝરડા રોડ,જુનાગઢ.

:::::::: **પ્રતિવાદીઓ .**

**<u>બાબતઃ</u>**– રામ ક્રિષ્ના બાયોકોલ ઈન્ડસ્ટ્રીઝ નામની ભાગીદારી પેઢીના વીસર્જન, હિસાબ ચોખ અને આનુસંગીક આદેશો મળવા સબંધે દિવાની દાવો.

| | |
|---|---|
| **વાદી તરફે** | **: વિ.વકીલ શ્રી કે.બી. સંઘવી.** |
| **પ્રતિવાદી તરફે,** | **: વિ. વકીલશ્રી ડી.સી.દેત્રોજા.** |

## –: <u>ઠ રા વ</u>:–

(૧) આ કામે વાદીઓનાં દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, રામક્રિષ્ના બાયોકોલ ઈન્ડસ્ટ્રીઝના ભાગીદારી પેઢીના વાદી તથા પાંચ પ્રતિવાદી થઈને કુલ સાત ભાગીદારો છે. માખીયાળામા એગ્રો ફયુઅલનુ કારખાનુ હતુ. ત્યાં હાલની પેઢીએ હરરાજીમા લીધેલ હતુ.ત્યાં તૈયાર કારખાનુ તથા જમીન હરરાજીમાં રામ એગ્રો ફયુઅલ પેઢીએ લેતા તેની મશીનરી રામક્રિષ્ના બાયોકોલ ઈન્ડસ્ટ્રીઝમાં ટ્રાન્સફર કરેલી અને તે પેઢીનું કારખાનુ ધોરાજી રોડ પર વિનય સોલવન્ટ સામે આવેલ છે. પરંતુ હાલનો કેસ ફકત રામક્રિષ્ના બાયોકોલ ઈન્ડસ્ટ્રીઝ સંબધે હોય તે એં દાવામા રજુઆત કરેલ છે.વધુમાં કથન એવુ છે કે, અમો વાદીનો અનુક્રમે ૧૬% તથા ૧૭% લેખે મહેનતાણાના ભાગીદાર છે અને આ પેઢીમા હાલ પ્લાસ્ટીકના ગઠાઓ ઓગાળીને વસ્તુઓ બનાવવાનુ કારખાનુ છે. પ્રતિવાદીઓ કોઈ જવાબ દેતા નથી. તેમજ અગત્યના નિર્ણયો તેમની ગેરહાજરીમા કરે છે અને જમીનમા પ્રવેશવા દેતા નથી. હિસાબો આપતા નથી અને આ પેઢીમાં કોઈ ધંધો ચાલતો નથી. આ પેઢીમાં સંપર્ણપણે ગેરવહીવટ ચાલતો હોય તેથી વિર્સજન થવુ જરુરી છે અને વિર્સજન કરી, દરેક ભાગીદારોનુ પાર્ટનરશીપ ડીડમા જણાવેલી ટકાવારીના હિસાબની વહેચણી કરી લેવાની જરુર છે. પ્રતિવાદીઓ માનતા નથી. અમારી મોટી રકમ રોકાય છે. જેથી આ પેઢીનુ વિસર્જન કરી કરી દરેક ભાગીદારોને યોગ્ય રકમ મળી રહે તે માટે હાલનો

દાવો કરેલ છે. લવાદની નોટીસ કરેલ છે.પ્રતિવાદીએ કોઈ ચોપડા બતાવેલા નથી. સરવૈયા, બેક સ્ટેટમેન્ટ, ત્રણ વરસના સરવૈયા પુરા પાડેલ નથી. તેથી વિશ્વાસ તુટેલ છે જેથી વિર્સજન થવામા ભાગીદારોનું હિત છે. નોટીસ વ્યવહારના અંતે દાવાનુ કારણ ઉત્પન્ન થયેલ છે. પેઢીના વિસર્જનનો હિસાબ ચોખનો દાવો છે. પેઢીનુ વિસર્જન કરી અને તમામ સ્થાવર જંગમ મિલ્કતની હરરાજી કરાવી ભાગીદારી દસ્તાવેજના લખાણ મુજબ ભાગીદારોને તેના હિસ્સાની રકમ ચુકવી આપવા અરજ છે. જરૂર જણાય તો કમીશ્નરની નમણુંક કરી અને તેની પાસેથી રીપોર્ટ મંગાવવા અને તે સબંધે યોગ્ય હુકમ કરવા અને ભાગીદારોને છુટા કરવા તેવી દાદની માંગણી હાલના દાવામાં કરેલ છે.

૨) પ્રતિવાદીને દાવાનો સમન્સ બજતા આંક–૧૦ થી વાંધા જવાબ રજુ કરેલા છે. વાંધા જવાબમાં મુખ્યત્વે એવુ કથન છે કે, માલાફાઈડ ઈન્ટેન્શનના ખોટા આક્ષેપો કરી ખોટો દાવો કરેલ છે જેથી રદ થવા પાત્ર છે. પ્રતિવાદી સામે હાલનો વિવાદ લાવવા વાદીને કાનુની રીતે કોઈ હકક નથી. પુરતા કારણ નથી. મોઘમ અસ્પષ્ટ આક્ષેપો કરી દાવો લાવેલ છે. ભારતીય ભાગીદારીનો કાયદો તથા પ્રવર્તમાન કાયદાની જોગવાઈ સાથે સુંસગત નથી. વાદીને લોકલ સ્ટેન્ડી ન હોય, વૈધાનીક નોટીસ કાયદા મુજબ ન હોય દાવો રદ થવા પાત્ર છે. નોટીસ આપ્યાનું કબુલ કરવામા આવતુ નથી. દાવાનો આંક ખોટો છે. સીવીલ કોર્ટને હકુમત ન હોય દાવો નિર્ણિત થઈ શકે નહી જેથી દાવો રદ કરવો જોઈએ.

૩) આ કામે સીનીયર ધારાશાસ્ત્રી શ્રી કે. બી. સંઘવીની રજુઆત એવી છે કે, લીગલ નોટીસ લવાદ સંબધે બજાવ્યા પછી લવાદીની કાર્યવાહી ન થતા હાલનો દાવો દાખલ કરવો પડેલ છે. અમારા દાવો હિસાબ ચોખ કરવાનો છે. કાયદાની જોગવાઈ મુજબ અપવાદની વ્યાખા અમારા દાવામા આવે છે. જેથી ભાગીદારી દસ્તાવેજ રજુ કરવો જરુરી નથી. વાદી અને પ્રતિવાદી ભાગીદારો છે તે સબંધે તકરાર નથી. આખા દાવાની હકીકત જોવામા આવે તો વાદી– પ્રતિવાદી ભાગીદારો છે તેની કોઈ તકરાર નથી. તેવા સંજોગોમાં અમારો દાવો અપવાદમા પડે છે. જેથી દાદ મળવા અરજ છે.

૪) આ કામે પ્રતિવાદીના વ.શ્રી દેત્રોજાની રજુઆત એવી છે કે, નોટીસ લીગલી બજેલ નથી. જો બજેલ હોય તો રજી. એ.ડી.ની પહોંચ રજુ થઈ શકે. આંક–૧૩ નો

પુરાવો જોવામા આવે તો લવાદ એકતરફી છે. આંક–૧૩ નો પુરાવો જોવામા આવે તો વાદી સ્વીકૃત કરે છે કે નટવરભાઈ જીવાભાઈ ઉકાણી મારી દિકરીના પતિ થાય છે. એટલે કે, લવાદ ઉકેલ જમાઈ થાય છે. તેથી આરબીસ્ટ્રેશન એકતરફી ચાલી ગણાય. ભાગીદારી કાયદાની કલમ ૪૩ મુજબ સીવીલ કોર્ટને સત્તા નથી. પેઢીને નોટીસ આપવી જોઈએ જે નોટીસ આપેલ નથી. અમોને નોટીસ મળેલ નથી, પેઢી રજીસ્ટર્ડ નથી. રજીસ્ટર્ડ ડીડ હોવી જોઈએ તેવા સંજોગોમાં વાદીનો દાવો રદ થવા પાત્ર છે.

૫) આમ બન્ને પક્ષકારોની રજુઆત,દસ્તાવેજી પુરાવો, લેખીત પુરાવો ધ્યાને લેતા આ દાવાના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ આંક–૧૧ થી કાઢવામાં આવેલ છે.

**–:: મુ દ્દા ::–**

| | |
|---|---|
| **1** | **Whether plaintiff proves that plaintiff & defedants are partners of partnership firm Ram kirishna Biocal Industries?** |
| **2** | **Whether plaintiff proves that plaintiff no. 1 & 2 are 16% & 17% partners as working partners share in the partner-ship firm Ram kirishna Biocal Industries?** |
| **3** | **Whether defedants proves that this court has no jurisdication to try this suit?** |
| **4** | **Whether plaintiffis entitled for the relief claimed in the suit?** |
| **5** | **what order & decree?** |

(૬) ઉપરોકત મુદ્દા અંગે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧: હકારમા.

૨: 'હકારમા.

૩: નકારમા.

૪: હકારમા.

૫: '' આખરી હુકમ મુજબ''.

## — :: કા ર ણો ::—

**મુદ્દા નં.૧ :—**

(૭) આ કામે વાદીનુ પ્લીડીંગ, પ્રતિવાદી તરફેનું પ્લીડીંગ તથા માર્ક ૩/૧ એટલે કે, આંક—૧૮ નો દસ્તાવેજ જોતા વાદી અને પ્રતિવાદી વચ્ચે ભાગીદારી દસ્તાવેજ થયેલ છે. આંક—૧૩ નો મૌખિક પુરાવો તથા આંક—૨૬ નો મૌખિક પુરાવો જોતા તથા દસ્તાવેજી પુરાવો જોતા એવો કયાંય વિવાદ આવતો નથી કે, વાદી અને પ્રતિવાદી ભાગીદારો નથી. તેથી રેકર્ડ ઉપરની હકીકત અને દસ્તાવેજી પુરાવો અને ભાગીદારી પેઢીના કાયદાની જોગવાઈ મુજબ વાદી એવુ સાબીત કરે છે કે, વાદી તથા પ્રતિવાદી ભાગીદારો છે અને તે રામક્રિષ્ના બાયોકોલ ઈન્ડસ્ટ્રીઝના ભાગીદારો છે. જે રેકર્ડ ઉપરની હકીકત ઉપરથી સાબીત થાય છે તેવા સંજોગોમાં મુદા નં.૧ નો હકારમા જવાબ આપુ છુ.

**મુદા નં. ૨ ::—**

(૮) આ કામે બન્ને પક્ષની દલીલો અને દસ્તાવેજી પુરાવો તથા આંક—૧૩ તથા આંક—૨૬ નો પુરાવો નજરે લેવામા આવે તો ભાગીદારી દસ્તાવેજ મુજબ ભાગીદારોએ અરસ પરસ સમજુતીથી ભાગીદારી દસ્તાવેજ મુજબનો હિસ્સો નકકી કરેલ છે અને આ હિસ્સા અંગે સદરહું પ્લીડીંગ મુજબ વાદી નં. ૧ તથા ૨ નો ૧૬% તથા ૧૭% હિસ્સો મેળવવા હકકદાર છે. એટલે કે, આ કેસમા પડેલ પુરાવો જોતા વાદી દાવા અંગેનો હિસ્સો મેળવવા હકકદાર છે તેવુ પ્રસ્થાપિત થાય છે. તે રીતે મુદા નં. ૨ હકારમાં ઠરાવુ છુ.

**મુદા નં.૩ ::—**

(૯) પ્રતિવાદી તરફે રજુઆત એવી છે કે, વાદીએ દાવો દાખલ કરતા પહેલા લવાદ નિમવાની નોટીસ આપવી જોઈએ. આવી નોટીસ અમોને બજેલ નથી.

લવાદ અધિનિયમ મુજબ લવાદ નિમ્યા સિવાય દાવો દાખલ થઈ શકે નહી. વધુમાં એવી રજુઆત છે કે, ભારતીય ભાગીદારી અધિનિયમ ૧૯૩૨ ની કલમ ૬૯ (૧) મુજબ ભાગીદારી દસ્તાવેજ નોંધ રજીસ્ટર્ડ ન હોય તો કોર્ટને દાવો ચલાવવાની હકુમત નથી અને દાવો ચલાવવાની સત્તા નથી. વાદી તરફે રજુઆત એવી છે કે, અમારો દાવો ભાગી–દારી અધિનિયમ મુજબ અપવાદમાં પડે છે. અમે લવાદની નોટીસ બજાવી છે. નોટીસ નથી બજી તેવો વિવાદ ઉભો કરતા અમે રજી. એ.ડી.ની પાવતી રજુ કરેલ છે. અમારા દાવાની હકીકત મુજબ પ્લીડીંગ મુજબ કાયદાની જોગવાઈ મુજબ અપવાદમા પડતો હોય જેથી દાવો ટકાવા પાત્ર છે.

(૧૦) આ કામે આંક–૧૮ વાળો ભાગીદારી દસ્તાવેજ જોવામા આવે તો બન્ને ભાગીદારો છે તે આંક–૧૩ ની ઉલટતપાસમા અને આંક–૧૮ સંબધે સ્પષ્ટ હકીકત આવે છે. તે રીતે આંક–૨૬ અને તેની ઉલટતપાસ જોવામા આવે તો ભાગીદારી પેઢી છે વાદી– પ્રતિવાદી ભાગીદારો છે તેવુ સ્પષ્ટ આવે છે. આંક–૧૮ ના દસ્તાવેજ રજીસ્ટર્ડ છે કે નથી તે સંબધે ઠોસ પુરાવાથી બન્ને પક્ષે સાબીત કરી શકેલા નથી. આંક–૧૮ નો દસ્તાવેજ જોતા તે પ્રાથમીક રીતે સાબીત થાય છે કે સદરહું દસ્તાવેજ રજીસ્ટર્ડ નથી. આંક–૧૮ વાળો દસ્તાવેજ જોવામા આવે તો તેમા એવુ લખાણ આવે છે કે, અનુક્રમ નં. ૧૭૦૭ તા. ૧૪/૯/૧૯૯૫ ના રોજ સાથે કોરા કાગળ જોડીને કરવામા આવેલ કે જે આ પહેલાનો છેલ્લો ભાગીદારી દસ્તાવેજ રૂા. ૫૦૦/– ના નોન જયુડીશ્યલ સ્ટેમ્પમા તા.૧૪/ /૯/૧૯૯૫ ના રોજ કરેલ. સદર ભાગીદારી દસ્તાવેજ મુજબ ભાગીદારો પૈકી જુના ભાગીદાર છુટા થતા નવા ભાગીદારો જોડવામા આવેલ અને હાલનો આંક–૧૮ નો ભાગીદારી દસ્તાવેજ થયેલ. આ કામે રેકર્ડ જોતા આંક–૧૮ મા ઉલ્લેખ કર્યા પહેલા નો દસ્તાવેજ આ કામે બન્નેમાંથી એક પણ પક્ષકારે રજુ કરેલ નથી. એટલે કે, આ દસ્તાવેજ અન રજીસ્ટર્ડ હોવાનું પ્રથમદર્શનીય સાબીત થાય છે. પ્રતિવાદીની રજુઆત મુજબ અન રજીસ્ટર્ડ દસ્તાવેજ હોય ત્યારે ભાગીદારી અધિનિયમ ૧૯૭૨ ની કલમ ૬૯ (૧) મુજબ વાદીનો દાવો ટકવાપાત્ર નથી. આખા કેસમાં મુખ્યત્વે તકરાર આ કલમ મુજબ દાવો ટકવાપાત્ર નથી તેથી દાવો રદ કરવો જોઈએ. આ કામે રેકર્ડ ઉપર પડેલ પુરાવો જોતા કાયદાની જોગવાઈ મુજબ દાવો ટકવાપાત્ર થતો નથી. તેવી પ્રતિવાદી પક્ષે રજુઆત છે. મૌખિક પુરાવો અને દસ્તાવેજી પુરાવો જોવામા આવે તો દાવો ટકવા પાત્ર નથી તેવુ પ્રતિવાદી પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. પ્રતિવાદીની રજુઆત સંબધે વાદીએ આંક–

૧૯ થી ૨૨ ના દસ્તાવેજથી લવાદને નોટીસ આપેલ છે અને લવાદે કોઈ કાર્યવાહી કરેલ નથી તેવુ વાદીએ પ્રસ્થાપીત કરેલ છે અને લવાદની કોઈ કાર્યવાહી ન કરતા વાદીએ હાલનો દાવો કરેલ છે. પડેલ પુરાવાનુ પૃથ્થકરણ કરતા જ લવાદની નિમણુંકની વાત આવે છે તેમા એ વાત ખરી છે કે, નટવરભાઈ જીવાભાઈ ઉકાણી મારી દિકરીના પતિ થાય છે. પ્રતિ–વાદી તરફે રજુઆતના સમર્થનમાં મૌખિક પુરાવો રજુ થયેલ છે તેમાં નટવરભાઈની લવાદ તરીકે નિમાયેલ. આ લવાદ સંબધે વાદીના સગા છે તેવુ પ્રતિવાદીનુ કથન છે. લવાદની ફરજ વિવાદનો અંત લાવવાની છે. તેઓએ કોઈ અંત ન લાવતા બન્ને પક્ષે કોઈ નુકશાન નથી.લવાદે નિર્ણય ન કરતા જેથી વાદી હાલનો દાવો લાવેલ છે. માત્ર લવાદ સગા હોવાથી પ્રતિવાદીને શું નુકશાન થયુ તેવુ પ્રતિવાદી પડેલ પુરાવાથી સાબીત કરી શકેલા નથી.

(૧૧) આંક–૧૬ તથા ૧૭ ના અનુસંધાને લીગલ નોટીસ આપેલ અને તે આંક –૧૯ થી ૨૨ દરમ્યાન બજી ગયેલ છે. તેના બદલે એટલે કે, લવાદ બાબતે પ્રતિવાદીની રજુઆત પડેલ પુરાવાથી સ્વીકૃત થતી નથી. ભાગીદારી અધિનિયમ ૧૯૭૨ ની કલમ ૬૯ (૧) જોવામાં આવે તો અનરજીસ્ટર્ડ દસ્તાવેજ હોય તો વાદીને દાદ મળવા પાત્ર થતી નથી.તેવી કાયદાની જોગવાઈ જોતા સ્પષ્ટ સાબીત થાય છે પરંતુ કલમ ૬૯ (૩) (એ) જોવામા આવે તો dissolution of partnership હોય તો ભાગીદાર દાવો કરી શકે તેવો અપવાદ છે.

હવે કલમ –૬૯ જોવામા આવે તો અને તેનો અપવાદ જોવામા આવે તો તે નીચે મુજબ છે.

**<u>69. Effict of non registration,</u>**

(1) No suit to enforce a right arising from a contract of conferred by this Act shall be instituted in any court by or on behalf of any person suing as a partner in a firm against the firm or any person alieged to be or to have been a partner in the firm unless the firm is registered and the person suing is of has been

shown in the register of Firms as a partner in the firm.

(2) No suit to enforce a right arising from a contract shall be instituted in any court by or on behalf of a firm against any third party unless the firm is registered and the persons suing are or have been shown in the Register of Firms as partners in the firm.

(3) The provisions of sub section (1) and (2) shall apply also to a ciaim of set off or other proceeding to enforce a right arising from a contract,but shall not affect-

(a) the enforcement of any right to sue for the dissolution of a firm or for accounts of a dissolved firm, or any right or power to realise the property of a dissolved firm, or

(b) the power of an official assingnee, receiver or Court under the Presi-dency-towns Insolvency Act,1909 (3 of 1909) or the pricincial Inso-lvency Act,1920 (5 of 1920)to realise the property of an insolvent partner.

(4) This section shall not apply,-

(a) to firms of to partner in firms which have no place of business in (the territories to which this Act extending) or whose places of business in (the said territories)

are situated in areas to which, by notification under (section-56),this Chapter does not apply, or

(b) to any suit or claim of set-off not exceeding one hundered repees in value which,in the Presedency-towns is not of a kind specified in the section 19 of the Presedency-Small Cause Court Act,1882 (5 of 1882), or out-side the Presedency-towns, is not of a kind specified in the Second Schedule to the Provincial Small Cause Court Act,1887 (9 of 1887), or to any proceeding in execution or other proceeding incidental to or arising from any such suit or claim.

તદ ઉપરાંત અપવાદ એવો છે કે,

One exception to this disability is made-- An unregistered partner in any firm,registered or unregistered ,may sue for dissolution of the firm, This exception is made on the principal that registration is designed primarily to protect third parties,and the absence of registration need not prevent the disappearance of an unregistered or imperfectly registred firm. Under this shceme a small firms or a firm created fora single centure not meeting with difficulty in getting payment, need never register, and even a firm with a large

business need not register until it is faced with litigation.Registration may then be effected at any time before the suit is instituted. The right of third parties to sue the firm or any partner are left intact.

આ કાયદાની વિશિષ્ટ જોગવાઈ જોવામા આવે તો નીચે મુજબ છે.

39. Dissolution of a firm-

The dissoulation of partnership between all the partners of a firm is called the dissoulation of the firm.

40. Dissolution by agreement-

A firm may be dissolved with the consent of all the partners or in accordance with a cotract between the partneres.

41. Compulsory dissolution. A firm is dissolved.

(a) by the adjudication of all partners or of all the partners but one as insolvent or

(b) by the happening of any event which makes it unlawful for the business of the firm to be carried on or for the partners to carry it on in partner ship.

Provided that, where more that one sparate adventure or undertaking is carred on by the firm illlegality of one or more shall not of itself cause the dissolution of the firm in respect of

the lawful adventures and under takings.

42. Dissolution on the happening of certain contongencies--Subject to contract between the partners a firm is dissolved, --

(a) if constituted for a fixed term,by the expiry of that term;
(b) if constituted to carry out one or more adventures or undertakings,
(c) by the death of a partner; and
(d) by the adjucation of a pernter as an insolvent.

44. Dissolution by the Court--At the suit of a partner, the Court may dissolve a firm on any of the following grounds namely:-

(a) that a partner has become of unsound mind,in which case the suit may be brought as well by the next friend of the partner who has become of unsound mind, as by any other partner;
(b) that a partner,other than the partner suing,has become in any way permantly incapable of performing his duites as partner;
(c) that a partner,other than the partner suing, is gulity of conduct which is likely to effect prejudically the carrying on of the business;
(d) that a partner, other than the partner suing,wilfully of preisstenly commits

breach of agreements relating to the management of the affairs of the firm or the conduct of its business or other -wise so conducts himself in matters relating to the business that it is not reasonably particable for the other partner, to carry on the business in partnership with him;

(e) that a partner, other than the partner suing,has in any way transferred the whole of his interest in the firm to a third party,or has allowed his share to be charged under the provosions of rule 49 of order XXI of the Frist Schedule to the Code of Civil Procedure 1908 (5 of 1908) or has allowed it to be sold in the recovery of arrears of land revenue of of any dues recoverable as arrears of land revenue of of any due by the partner;

(f) that the business of the firm cannot be carried on save at a loss; or

(g) on any other ground which renders it just and equitable that the firm should be dissolved.

આમ રેકર્ડ ઉપરની હકીકત, કાયદાની જોગવાઈ જોતા વાદી ભારતીય ભાગીદારી અધિનિયમ ૧૯૩૨ ની કલમ ૬૯ (૩) (એ) મુજબ પોતાનો દાવો લાવવા હકકદાર છે. તેવુ સ્પષ્ટ આવે છે. જેથી પ્રતિવાદીની રજુઆત એવી છે કે, વાદીનો દાવો ચલાવવાની આ કોર્ટને સત્તા નથી તે ટકવા પાત્ર નથી તેથી મુદા નં. ૩ નો જવાબ નકારમા ઠરાવુ છુ.

**<u>મુદા નં. ૪ ::–</u>**

૧૨) આ કામે વાદીનુ પ્લીડીંગ, પ્રતિવાદીનુ પ્લીડીંગ, દસ્તાવેજી પુરાવો મૌખિક પુરાવો, કાયદાની જોગવાઈ જોતા વાદીનો દાવો આ કાયદાની કલમ ૬૯ (૩) (એ) મા પડતો હોય વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોવાનું આ કોર્ટ ઠરાવે છે તે રીતે મુદા નં. ૪ હકારમાં ઠરાવુ છુ.

૧૩) આ કામે વાદીની રજુઆત ધ્યાનમા લેતા વાદી એ જે દાદ માંગેલી છે તેમા એવી દાદ માંગી છે કે, " જરુર પડયે કમીશ્નરની નિમણુક કરવી અને તેની પાસેથી રીપોર્ટ મંગાવવવો અને તેના અનુસંધાને આનુસંગીક હુકમ કરવા અરજ છે તે જોતા આ કામે કોર્ટ ધ્વારા કમીશ્નર નિમવાની સી.પી.સી. કાયદો ૧૯૦૮ ની જોગવાઈ ધ્યાને લેવી જરુરી છે. કલમ –૫૪ તથા હુકમ–૨૬ રુલ–૧૩ નીચે મુજબ છે.

Section 54. Partition of estate sepration of share.-- where the decree is for the partition of an un dicided estate assessed to the payment of revenue to the Government,or for the separate possession of a share of such an estate, the partition of the estate,or the separation of the shere shall be made by the Collector or any gazetted subording of the Collector of any gazetted subording of the Collector deputed by him in this behalf,in accordance with the law (if any)for the time being in force relating to the partition,or the separate possession of shares,of such estates.

દિવાની કાર્યરીતી અધિનિયમ ૧૯૦૮ હુકમ ૨૬ રુલ ૧૩.

13. Commission to make partition of immovable property where a preliminary decree for partition

has beem passed,the Court may,in any case not provided for by Section 54 issue a commission to such person as it thinks fit to make the partition or separation according to the right as declered in such decree.

જે જોગવાઈ મુજબ સી.પી.સી. કલમ –૫૪ તથા હુકમ–૨૬ રુલ–૧૩ એટલે કે ,સદરહુ સી.પી.સી. ની જોગવાઈ મુજબ વાદી જે દાદ માગે છે તે જોતા કોર્ટ કમીશ્નરની નિમણુક સી.પી.સી. ક. ૫૪ તથા હુકમ–૨૬ રુલ–૧૩ મુજબ કોર્ટ કમીશ્નરની નિમણુક કરવી તે જરુરી છે. તેથી તે રીતે કોર્ટ કમીશ્નરની નિમણુંક કરવાનો હુકમ કરવામા આવે છે.

૧૪) પ્રતિવાદી પક્ષે ૨૦૦૯ (૧) જી.એલ.આર. લવજીભાઈ રામજીભાઈ હમીરાણી વિરુધ્ધ લવજીભાઈ હીરાભાઈ મનડંકાનો ચુકાદો રજુ કરેલ છે જેમાં ન્યાયમુર્તિશ્રી એમ. આર. શાહ સાહેબે એવુ ઠરાવેલ છે કે, કોઈપણ ભાગીદારી પેઢી રજીસ્ટર્ડ દસ્તાવેજ વાળી ન હોય ત્યારે આ કાયદાની કલમ ૬૯ (૧) મુજબ ભાગીદારી પેઢીનો દાવો ટકવા પાત્ર નથી. તેવુ ઠરાવેલ છે. વધુમાં એવુ ઠરાવેલ છે કે, જો વાદીનો દાવો કલમ ૬૯ (૩)(એ) માં પડતો હોય તો વાદીનો દાવો ટકવાપાત્ર છે. સદરહુ ચુકાદાના પેરા–૭ જોતા વાદીનો દાવો કલમ ૬૯ (૩)(એ) મુજબ અપવાદમા પડતો હોય ટકવા પાત્ર છે. તેથી હાલનો ચુકાદો પ્રતિવાદીને મદદરુપ થતો નથી.

આમ આ કેસના સજોગો જોતા ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## –:: <u>આ ખ રી હુ ક મ</u> ::–

૧: વાદીનો દાવો આથી મંજુર કરવામાં આવે છે.

૨: પ્રતિવાદીને હુકમ કરવામા આવે છે કે, વાદીના દાવાના પેરા –૧૦ (એ) મુજબ રામક્રિષ્ના બાયોકોલ ઈન્ડસ્ટ્રીઝ નામની ભાગીદારી પેઢીનું વિર્સજન કરવુ અને પેઢીની તમામ સ્થાવર જંગમ મિલ્કત અંગે હરરાજી કરવી. ભાગીદારી દસ્તાવેજનું લખાણ મુજબ

દરેક ભાગીદારને તેના હિસ્સે આવતી રકમ ચુકવી આપવી. વધુમાં એવો હુકમ કરવામા આવે છે કે,સી.પી.સી. હુકમ ૨૬ રુલ –૧૩ તથા સી.પી.સી. ક. ૫૪ મુજબ કમીશ્નરની નિમણુંક કરવાનો હુકમ કરવામા આવે છે.

૩: વાદીએ પોતાની પસંદગીના સંભવિત કમિશ્નરની નિમણુંકની નામાવલી રજુ કરવા માટે સાથો સાથ કમિશ્નરની ડીપોઝીટની રકમ કોર્ટમાં ડીપોઝીટ કરાવવી. નામાવલી રજુ થયેથી તથા ડીપોઝીટની રકમ જમા થયેથી કમિશ્નર સંબંધે કમિશ્નર પત્ર અથવા રીપોર્ટ કરવો.

૪: ખર્ચ સંબધે કોઈ હુકમ કરવામા આવતો નથી.

૫: હુકમ મુજબ પ્રાથમીક હુકમનામું દોરવું.

આજ રોજ તારીખ ૨૫ મી માહે–જુલાઈ સને ૨૦૧૬ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. જુનાગઢ
તા. ૨૫/૦૭/૨૦૧૬

(પંકજ રવજીભાઈ ચૌહાણ)
એડીશ્નલ સિવિલ જજ
જુનાગઢ
જી.જે. ૦૦૫૧૦